**વડોદરાના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, વડોદરા**

**ક્રીમીનલ કેસ નં. ૩૫૦૯૭ /૧૯૯૭**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીઓએ આંક–૦૧ ની ફરીયાદમા દર્શાવેલ વિગત મુજબ ઈ.પી.કો. કલમ: ૧૭૭,૧૯૩,૧૯૬,૧૯૯, ૩૪,૧૦૪ અને અથવા ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે. ફરીયાદીએ આંક–૦૧ ની ફરીયાદ રજુ કરતાં આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓને ક્રિપ્રો.કોડની કલમ– ૨૦૭ મુજબ ફરીયાદ તથા તે સાથેના દસ્તાવેજી પુરાવાની નકલ વિના મુલ્યે પુરી પાડેલ.

(૨) આરોપી નં. ૧ વતી ઓથોરાઈઝ પર્સને તા આરોપી નં. ૪ નાને સ્વૈચ્છાપુર્વક ગુનો કબુલ કરવો હોય તેઓએ તે મુજબની પુરશીસ રજુ કરેલ અને આરોપી નં. ૨ તથા ૩ ના મરણના દાખલા રજુ કરેલા જેને રેકર્ડ કરેલ અને આરોપીઓ વિરુધ્ધ નોંધાયેલ ગુનો વોરંટ ટ્રાયબલ હોય તેઓએ તેઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવવા માટે પુરશીસથી ચાર્જ એટ્રેકટ કરેલ હોય આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી તેઓની પ્લી લેતા તેઓએ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને આરોપી નં. ૧ તથા ૪ નાએ જાહેર કરેલ છે કે, ભવિષ્યમાં તેઓ આવો કોઈ ગુનો ન થાય તેની કાળજી રાખશે. આરોપીઓએ કોઈ લાલચ કે પ્રલોભન વિના સ્વૈચ્છીક કબુલાત આપેલ હોવાનું જણાય આવે છે. આરોપીઓને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું જણાય આવતુ હોય તેઓની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે.

(૩) આરોપીની રજુઆત, તેઓની સામાજીક અને આર્થિક સ્થિતી, આરોપી નં. ૧ પોતે કંપની હોય તે આરોપી નં.૪ કંપનીના ભાગીદાર હોય તે હકીકત તથા કેસ ઘણો જુનો હોય તે હકીકત તથા આરોપીની ઉંમર વિગેરે વિશિષ્ટ હકીકત ધ્યાને લેતાં આરોપી/ આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનું જણાય છે. આરોપી નં. ૧ કંપની હોઈ એટલે કે તે જીવીત વ્યકિત ન હોય તેઓને કેદની સજાને બદલે માત્ર દંડની સજા કરવામાં આવે તો, તે ન્યાયોચીત છે. વધુમાં આ બાબતે **નામદાર વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટ** નો ચુકાદો કે જે **જી.એલ.આર. ૨૦૦૫ પાન નં. ૭૦૯** ઉપર પ્રકાશિત ગયેલ છે તે ધ્યાને લેતાં આરોપીઓને વિશિષ્ટ કીસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીઓની કબુલાત ધ્યાને લઈ આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ: – ૨૪૮(૨) મુજબ તકસીરવાન ઠરાવી નીચે મુજબ અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપી નં. (૧) મેસર્સ વિશ્વકર્મા એન્જીનીયરીંગ વકર્સ તથા આરોપી નં. (૪) શીરીષકુમાર રવિશંકર પંચાલનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૪૮(૨) અન્વયે ઈ. પી. કો. કલમ: – – ૧૭૭, ૧૯૩,૧૯૬,૧૯૯, ૩૪,૧૦૪ અને અથવા ૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રુા.૨,૦૦૦/–( અંકે રૂપીયા બે હજાર પુરા) કુલ રુા.૪,૦૦૦/– નો દંડ કરવાનો તથા આરોપી નં. ૪ ને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો અને જો આરોપીઓ દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો, દીન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

કુલ દંડ રુા.૪,૦૦૦/– જમાં કરાવવો.

આ હુકમ આજ રોજ તા. ૧૩.૦૭.૨૦૧૯ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩.૦૭.૨૦૧૯
વડોદરા.

( જયકુમાર ગુલાબરાય વડોદરીયા)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
**કોડ નં. જી.જે.૦૦૩૪૧**

**સ્પેશીયલ સીટીંગ**